**સહ પ્રાધ્યાપક તરીકે સીધી ભરતીથી સેવામાં નિમણૂંક બાદ ૧૫૬૦૦ –૩૯૧૦૦ ગ્રેડ પે ૮૦૦૦/– ત્યાર બાદ ૩૭૪૦૦–૬૭૦૦૦ ગ્રેડ-પે.૯૦૦૦/–માં મળતા ઈજાફાની તારીખમાં સુધારો કરવા બાબત.**

વંચાણમાં ૧ નામ.સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરના તા. ૧.૪.૨૦૧૦ના ઠરાવક્રમાંક ગકવ-૧૪૨૦૦૯-ક.૨.

## :: પરિપત્ર::

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા શિક્ષક સંવર્ગના સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ સંવર્ગમાં તેમની પ્રથમ નિમણૂંક વખતે પે. બેન્ડ ₹૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડપે.૮૦૦૦/- પ્રથમ ત્રણ વર્ષ માટે પગાર ધોરણો વંચાણમાં લીધેલ ક્રમ-૧ મુજબ પગાર ધોરણો આપવામાં આવેલ છે, ત્યારબાદ ત્રણ વર્ષ પુરા થતા ₹૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ.પે. ૯૦૦૦/- પગારધોરણો મળવાપાત્ર થાય છે અને તે મુજબ તેમના પગારધોરણો મંજુર કરવામાં આવે છે.

નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ સંવર્ગમાં ફરજ બજાવતા શિક્ષકોની તેમને મળતા પગારધોરણો અને ઈજાફાઓ બાબતની રજુઆતને ધ્યાનમાં લઈ પે. બેન્ડ ₹૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે. ૯૦૦૦/- માં તા.૨(બીજી) જાન્યુઆરી થી તા.૩૦ જુન દરમ્યાન નિમણૂક પામેલ શિક્ષકોના ઈજાફાઓ બીજા વર્ષે જુલાઈ માસમાં મળવાપાત્ર થતા હતા તેને બદલે તેઓના ઈજાફાઓ તેજ વર્ષે જુલાઈ માસમાં નિયમિત કરવામાં આવેલ હતા.

રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં શિક્ષક સંવર્ગમાં ફરજ બજાવતા શિક્ષકોના સાતમાં પગાર પંચ મુજબના પગાર ધોરણો અમલમાં આવતા તેઓના પગાર બાંધણી કરી તેની ચકાસણી **આઈ.એફ.એમ.એસ (Integrated Financial Management System)**ના માધ્યમથી ઓનલાઈન કેસ રજુ કરતા તા.૨(બીજી) જાન્યુઆરી થી તા.૩૦ જુન દરમ્યાન નિમણૂક પામેલ શિક્ષકોના ઈજાફાઓ તેજ વર્ષે જુલાઈ માસમાં નિયમિત કરવામાં આવતા ઓડીટ દ્વારા વાંધાઓ ઉપસ્થિત થતા આવા શિક્ષકોના સાતમાં પગાર પંચ મુજબની પગાર બાંધણી થતી નથી એટલે કે પગાર ધોરણોમાં પગાર મંજુર થતા નથી અને હાલમાં નિવૃત્ત થયેલ શિક્ષકોના પેન્શન બાંધણીના કેસો અંગે પણ પ્રશ્ન ઉપસ્થિત થવા પામેલ છે.

આમ,ઉપરોકત તમામ હકીકત ધ્યાનમાં લેતા સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ સંવર્ગમાં પે. બેન્ડ ₹૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે. ૯૦૦૦/- માં તા.૨ (બીજી) જાન્યુઆરી થી તા.૩૦ જુન દરમ્યાન નિમણૂક પામેલ શિક્ષકોના ઈજાફાઓ તેજ વર્ષે જુલાઈ માસમાં નિયમિત કરવામાં આવેલ અને તેનો લાભ મેળવેલ હતો. પરંતુ તેઓના ઈજાફાઓ નિયમોનુસાર ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ના નિયમ-૧૦ મુજબના ઈજાફાઓ મળવાપાત્ર હોઈ, **તા.૨ (બીજી) જાન્યુઆરી થી તા.૩૦ જુન દરમ્યાન નિમણૂંક પામેલ શિક્ષકોના ઈજાફાઓ તેજ વર્ષે જુલાઈ માસમાં નિયમિત કરવામાં આવેલ તેવા સહ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ સંવર્ગમાં પે. બેન્ડ ₹૩૭૪૦૦–૬૭૦૦૦ ગ્રેડ પે. ૯૦૦૦/– માં પગાર મુકરર કરી ઈજાફાની તારીખ યથાવત રાખવાના આદેશો કરવામાં આવેલ તે તમામ કાર્યાલય આદેશો જે તે તારીખથી રદ કરવામાં આવે છે અને તા.૨ (બીજી) જાન્યુઆરી થી તા.૩૦ જુન દરમ્યાન નિમણૂક પામેલ તમામ શિક્ષકોના ઈજાફાઓ ત્યારપછીના વર્ષમાં જુલાઈ માસમાં આપવાના રહેશે. તેમજ તા.૨ (બીજી) જાન્યુઆરી થી તા.જુન.૩૦ દરમ્યાન નિમણૂંક પામેલ શિક્ષકોના ઈજાફાઓ તેજ વર્ષે જુલાઈ માસમાં નિયમિત કરવામાં આવેલ અને તેનો લાભ મેળવેલ તેઓના પે. બેન્ડ ₹૧૫૬૦૦–૩૯૧૦૦ ગ્રેડપે.૮૦૦૦/– પ્રથમ ત્રણ વર્ષ અને ત્યારબાદ પે. બેન્ડ ₹૩૭૪૦૦–૬૭૦૦૦ ગ્રેડ પે. ૯૦૦૦/–માં નવેસરથી છઠ્ઠા પગાર પંચ મુજબ પગારબાંધણી કરી તેમના તફાવતનાં નાંણાની વસુલાત એક જ હપ્તામાં કરી તેની નોધ સેવાપોથીમાં કરવાની રહેશે અને તેની જાણ અત્રેની કચેરીએ અવશ્ય કરવાની રહેશે કે જેથી સાતમાં પગાર પંચ મુજબની આઈ.એફ.એમ.એસ (Integrated Financial Management System)ની કાર્યવાહી હાથ ધરી શકાય.**

પ્રસ્તૃત પરિપત્ર આ શાખાની નોધ ફાઈલ ઉપર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને જારી કરવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી./એડીએમ.૧.૧/૯૦૧–૫૦/૨૦૨૦
નવસારી તા. ૧.૨.૨૦૨૦

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના..**

(૧) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ સત્વરે અમલ કરવા સારુ..

(૨) તમામ કોલેજ/પોલીટકનીક ડીનશ્રી/ આચાર્યશ્રીઓ તરફ જાણ તેમજ સત્વરે અમલ કરવા સારુ..

(૩) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ સત્વરે અમલ કરવા સારુ..

D:BGohil711.Letter.2020